1. ટૂંકનોંધ લખો : રાજકીયપક્ષની અગત્યતા

- ભારત જેવા લોકશાહી શાસન વ્યવસ્થામાં રાજકીય પક્ષોની ભૂમિકા એક જવાબદાર અદાકર્તાની છે. લોકોનું રાજકીયકરણ કરવામાં અને લોકોને રાજકારણમાં ભાગ લેવા માટે સંસ્થાકીય માળખું વિવિધ રાજકીય પક્ષો આપે છે. રાજકીય પક્ષો લોકો અને સરકારને જોડતી કડી સમાન પુરવાર થઈ છે, સમાજના વિવિધ વર્ગો અને પરિબળોને રાજકારણ માં પ્રતિબિંબિત કરવાનું કાર્ય રાજકીય પક્ષો કરે છે. રાજકીય પક્ષોની કેટલીક ઊણપો કે ખામીઓ હોવા છતા, લોકશાહીમાં જનતાના પ્રતિનિધિ તરીકે રાજકીય પક્ષોની જરૂરિયાત અનિવાર્ય રીતે મહત્ત્વની પુરવાર થઈ છે. ટૂંકમાં, લોકશાહી જીવંત રાખવામાં રાજકીય પક્ષોનું અસ્તિત્વ ખુબ જ મહત્ત્વનું છે.

2. ટૂંકનોંધ લખો : એક પક્ષ - પ્રભાવ પ્રથા.

- જે રાજય વ્યવસ્થામાં માત્ર એક જ રાજકીય પક્ષ હોય અને સૂત્રો તે રાજકીય પક્ષ જ ધરાવતો હોય તેવી વ્યવસ્થાને ‘‘એક પક્ષ પ્રથા’’ કહેવાય છે. સામાન્ય રીતે લોકશાહી શાસનતંત્રમાં આ પ્રકારની પ્રથા જોવા મળતી નથી. એક પથ પ્રથામાં માત્ર એક જ પક્ષને કાયદેસરની માન્યતા મળેલી હોય છે અને અન્ય પક્ષોને પ્રતિબંધિત કરવામાં આવે છે. ક્યારેક તો સત્તાના જોરે અન્ય પક્ષને દબાવી કે કચડી નાંખવામાં આવે છે. અન્ય પક્ષના કાર્યકર્તાઓ અને નેતાઓને ખોટા કેસો દ્વારા જેલના સળીયા પાછળ ધકેલવા અને તેઓની હત્યા કરાવવી જેવી ઘટનાઓ વધુ પ્રમાણમાં થાય છે. એક પક્ષ પ્રથાવાળા શાસનતંત્રમાં માત્ર નામ પૂરતી ચૂંટણી થાય છે કે જેનું પરિણામ અગાઉથી નક્કી કરવામાં જ આવે છે, વિશ્વકક્ષાએ સામ્યવાદી, ફાસીવાદી શાસનપ્રથાઓએ એ કપથી પ્રથાના ઉદાહરણ આપની સમક્ષ મુકેલા જ છે.

3 . ટૂંકનોંધ લખો : મિશ્ર સરકાર અથવા જોડાણ સરકાર

- જોડાણ માટે અંગ્રેજીમાં ‘Coalition’ શબ્દ વપરાય છે. જે લેટિન શબ્દ Coalitio ઉપરથી આવેલ છે. જેનો અર્થ ‘નજીક આવીને જોડાવું’’ એવો થાય છે. જયારે ધારાગૃહમાં વિધાનસભા કે લોકસભામાં) કોઈપણ પક્ષને પોતાની તાકાતના જોરે સરકાર રચવા માટે જરૂરી એવી બહુમતી ન મળે ત્યારે સરકાર રચવામાં મુશ્કેલી ઊભી થાય છે, અને એટલે જ છેવટે સરકારની રચના કરવા માટે જુદા-જુદા રાજકીય પક્ષો ભેગા મળીને મિશ્ર સરકારની રચના કરતા હોય છે. મિશ્ર સરકારની રચના દ્વારા વિવિધ પક્ષો મંત્રી મંડળમાં સામેલ થાય છે. તો ક્યારેક મુદ્દા આધારિત બહારથી સમર્થન આપતા હોય છે, મિશ્ર સરકારના બે પ્રકાર છે. (1)ચૂંટણી પહેલાના જોડાણ : મિશ્ર સરકારના આ સ્વરૂપમાં ચૂંટણી પહેલાં જ કેટલાક પક્ષો સમજુતી સાધી અલગ - અલગ બેઠકો પર પોતાના ઉમેદવારો ઊભા રાખે છે. દા.ત. દ્ધઢ્ઢછ. (2) ચૂંટણી બાદના જોડાણ : મિશ્ર સરકારના આ સ્વરૂપમાંટણીના પરિણામો આવ્યા પછી કેવી રીતે, કોને ટેકો આપવો કે કોની પાસેથી ટેકો મેળવવો અને સત્તાના શીર્ષ આસન મેળવવા તે માટે વિવિધ જોડાણો કરી મિશ્ર સરકાર રચાય છે. આ સરકાર ‘‘તકવાદી’’ વધુ હોય છે. કારણ કે ટેકો આપનાર પોતાની માંગણીઓ ન સંતોષાતા ટેકો પાછો ખેંચી સરકારને અસ્થિર કરે છે, જયારે જ ચૂંટણી અગાઉના જોડાણથી રચાતી સરકાર ચોક્કસ વિચારસરણી, નીતિ અને સમાન કાર્યક્રમની વિચારણા પછી રચાતી હોવાથી તે વધુ ટકાઉ હોય છે. ભારતમાં 1991 થી 2014 ્રધી મિશ્ર સરકારો રચાઈ છે. તેથી આ સમયગાળાને ‘‘મિશ્ર સરકારનો યુગ’’ તરીકે પણ ઓળખવામાં આવે છે.

3. ટૂંકનોંધ લખો : આપખુદશાહી અને લોકમત

➢ લોકશાહીમાં લોકમતની ભૂમિકા અગત્યની અને નિર્ણાયક છે. લોકશાહીમાં સત્તા પ્રાપ્ત કરવી, ટકાવી રાખવી કે તેમાં વધારો કરવા લોકમત પર જ આધાર રાખવો પડે છે. આપખુદશાહી સરકારોમાં લોકમત પોતાની તરફેણમાં છે તેમ દેખાડવાના પ્રયત્નો કરતા હોય છે. કેટલાક સંજોગોમાં સરમુખત્યાર ધરાવતી વ્યક્તિઓ સત્તા પર આવતાં તરત જ વિરોધી લોકમત અને તેના ઘડતર અને અભિવ્યકત્તિનાં સાધનોને બળજબરીથી. કચડી નાખવાનું કાર્ય કરે છે. આપખુદશાહી શાસન વ્યવસ્થામાં લોકમતોને પોતાની તરફ વાળવા સંચાર માધ્યમોનો એકાધિકાર પ્રાપ્ત કરે છે. આમ, બિન લોકશાહી શાસનતંત્રમાં પણ શાસકોએ લોકમત પોતાની તરફેણમાં છે એવું દેખાડવાનો પ્રયાસ કરાતો હોય છે.

4. ટૂંકનોંધ લખો : સંગીન અને અસરકારક લોકમત માટેની જરૂરીયાત.

લોકમત સાચા અર્થમાં લોકમત બની શકે તેમજ તેની અસર પણ વ્યાપક પ્રમાણમાં થઈ શકે તે માટે નીચે મુજબની જરૂરિયાતો છે. (1) ગરિકો શિક્ષિત અને જાગૃત હોવા જોઈએ. (2) પ્રજાકીય હિતોની શક્ય એટલએકરૂપતા હોવી જોઈએ. (3) લોકમત ઘડતર માટેનાં સાધનોનો પ્રામાણિકપણે ઉપયોગ થવો જોઈએ. (4) રાજકીય સભાનતા હોવી જોઈએ. (5) રાજકીય નેતાઓ પ્રામાણિક અને નિઃસ્વાર્થ ભાવનાવાળા હોવા જોઈએ. (6) લોકોને અભિપ્રાય વ્યક્ત કરવાની તેમજ ચર્ચા કરવાનીસ્વતંત્રતા હોવી જોઈએ. (7) બહુમતીએ પણ લઘુમતીના વિચારોનો આદર કરવો જોઈએ.

5. ટૂંકનોંધ લખો : હિતજૂથો.

➢ માજમાં વૈવિધ્યસભર હિતો અસ્તિત્વ ધરાવતા હોય છે. પોતાના હિતોનું રક્ષણ કરવા માટે, તેમાં વધારો કરવા માટે તથા અન્ય હિતો કરતાં પોતાનું હિત સરકાર પર વધુ પ્રભાવ પાડે તે માટે સંગઠિત થાય છે. આવા સંગઠિત થયેલા માનવ સમૂહને હિતજૂથ તરીકે ઓળખવામાં આવે છે. એટલે કે હિત અભિવ્યક્તિની પ્રક્રિયા જે માળખા દ્વારા થાય છે તેને હિતજૂથો કહેવાય છે. દા.ત, મજુર મહાજન, વેપારી મહામંડળ, મહિલા મંડળ, વિદ્યાર્થી મંડળે.... આ મંડળો પોતાના હિત રક્ષણ, જતન કરવાનું હોવાથી દરેક પોતપોતાના જૂથ ધરાવે છે. જેથી જૂથો એવા લોકોનું ઔપચારિક સંગઠન છે કે જે એક કે તેથી વધુ સમાન ઉદેશ કે સ્વાર્થ ધરાવતો હોય છે. તે સર્વને આવરી લેતી નીતી નિમણને, તેમજ શાસનને પ્રભાવિત કરે છે. જેથી તે પોતાના હિતોની રક્ષા તેમજ તેનું સંવર્ધન કરી શકે છે. હિતજૂથો આ હેતુને બહાર લાવવા નીતિના ઘડવૈયાઓ તેમજ નીતિના અમલ કર્તાને પ્રભાવિત કરવાનું અને પરિણામલક્ષી પ્રયત્ન કરતા હોય છે. આ માટે તેઓ સરકાર, રાજકીય પક્ષો, ધારાસભા, વહીવટીતંત્ર વગેરે પર પોતપોતાની રીતે દબાણ લાવે છે.

6. ટૂંકનોંધ લખો : લોબિંગ.

➢ દાબજૂથો અને હિતજૂથો ધારાસભાની બેઠક ચાલુ હોય ત્યારે રજ કરવામાં આવતું કોઈ ખરડો કે ઠરાવ પસાર થાય એ માટે તે પસાર ન થાય એ માટે ધારાસભ્યોને સમજાવવા પ્રયાસ કરે છે, તેને લોબિંગ કહેવાય છે. સરકાર પર દબાણ લાવવાની આ પ્રક્રિયાને લોબિગ તરીકે ઓળખવામાં આવે છે. મોટાભાગના દાબજૂથો આવી લોબી

ધરાવતા હોય છે. વિધાનસભાની કાર્યવાહી વખતે તેઓ વિશેષ સક્રિય થતા હોય છે. લોકશાહીમાં રાજકીય પક્ષોમાં મુખ્યત્વે અમેરિકા અને બ્રિટન જેવા દેશોમાં અને હવે ભારત જેવા દેશોમાં પણ આવા કેટલાંક જૂથો અસ્તિત્વ ધરાવતા હોય છે. આ લોબી આધુનિક લોકશાહી રાજયોના હિત જૂથો અને દાબજૂથો ઉપરાંત વિવિધ લોબીઓ રાજકારણને પ્રત્યક્ષ રીતે પ્રભાવિત કરવા પ્રયત્ન કરે છે. દા.ત. ધારાસભાઓમાં 33 ટકા મહિલા અનામત, બી.ટી. કપાસનો ભારતમાં પ્રવેશ કે તેલીબીયા કે ધાન્ય (અનાજ)ના ટેકાના ભાવ વગેરે.

7. ટૂંકનોંધ લખો : લોકશાહીમાં લોકમતની અગત્યતા.

➢ લોકમતને લોકશાહી સાથે સીધો સંબંધ છે. લોકશાહી આખરે તો લોકમતને આધારે ચાલતી શાસન વ્યવસ્થા છે. જેમ લોકશાહી પ્રથા સ્થપાતિ ગઈ અને મજબૂત થતી ગઈ તેમ લોકમતના પ્રભાવ અને મહત્ત્વમાં વધારો થયો. લોકોની પર આધારિત લોકશાહીની વ્યાખ્યા લોકમતની ભૂમિકા અને તેનું મહત્ત્વ વ્યક્ત કરે છે. લોકશાહીમાં સત્તા પ્રાપ્ત કરવી, ટકાવી રાખવી કે તેમાં વધારો કરવા લોકમત પર આધાર રાખવો પડે છે. સત્તા ગુમાવવાનું એક જ કારક હોય તો, તે છે પ્રતિકૂળ લોકમત. લોકશાહીમાં લોકમતની. ભૂમિકા ખૂબ જ અગત્યની અને અનિવાર્ય છે. જો લોકમત પોતાની ભૂમિકા બરાબર ન ભજવે તો તે તેનો પ્રભાવ ગુમાવે છે અને છેલ્લે તેનું મુખ્ય જોખમતો લોકશાહીને છે. લોકમત લોકશાહી સરકારોની કામગીરીને માપવાનું મહત્ત્વનું માપદંડ તરીકે પણ ગણવામાં આવે છે.

8. ટૂંકનોંધ લખો : લોકશાહી શાસન વ્યવસ્થામાં વિરોધપક્ષના નેતાનું મહત્વ

➢ સંસદીય લોકશાહીમાં વિરોધ પક્ષના નેતાનું પણ આગવું મહત્ત્વ છે. જે સત્તાધારી પક્ષ પોતાના નેતાની પસંદગી કરે છે, જે વડાપ્રધાનપદનો કાર્યભાર સંભાવે છે. ત્યારે વિરોધ પક્ષો પોતપોતાના નેતાઓની પસંદગી કરે છે. જે પૈકી બીજા નંબરનું સંખ્યાબળ ધરાવતો પક્ષ કે ગૃહનું 10 9% બેઠકો ધરાવતા મુખ્ય પક્ષના નેતા વિપક્ષના નેતા તરીકેની જવાબદારી અદા કરે છે. સંસદની બેઠક ચાલુ હોય ત્યારે વિરોધ પક્ષના નેતા તેમાં ભાગ લે છે. ત્યારે વડાપ્રધાન સહિત સૌ તેઓને શાંતિથી અને આદરથી સાંભળે છે. કારણ કે જે આજનો વિરોધ પક્ષ છે તે આવતીકાલનો સત્તાધારી પક્ષ છે. આજના વિરોધ પક્ષના નેતા એ આવતી કાલના વડાપ્રધાન બની શકે છે. આમ સંસદીય લોકશાહીમાં વિરોધ પક્ષના નેતાનું સ્થાન ગૌરવવંતુ છે. તેમને કેબિનેટ કક્ષાના પ્રધાનની સમકક્ષ દરજજો આપવામાં આવે છે.''

9. ટૂંકનોંધ લખો : રાજકીય પક્ષો અને દાબ જૂથો વચ્ચેનો તફાવત સ્પષ્ટ કરો :

➢ લોકશાહી શાસન વ્યવસ્થામાં રાજકીય પક્ષો દાબ જૂથો એ હક સ્થાન અને મહત્ત્વ આગવું હોવાથી તેમની વચ્ચે નીચે મુજબ છે તફાવત જોવા મળે છે.. (1) અર્થની દૃષ્ટિએ : રાજકીય પક્ષ ચોક્કસ સિદ્ધાંતોને પાયામાં રાખીને રચાયેલું વ્યક્તિઓનું સંગઠન છે. જે કાનૂની રહે સરકાર તંત્ર પર અંકુશ મેળવવાનો પ્રયત્ન કરે છે. દા.ત. ભાજપ જયારે દાબજૂથો સામાન્ય રીતે રાજકીય પક્ષ સાથેની સંકળાયેલી વ્યક્તિઓનું બનેલું સંગઠન છે. જેની રચના કેટલા સિદ્ધાંતો સિદ્ધ કરવા માટે અથવા તો પોતાના હિતોના રક્ષણ અને વૃદ્ધિ કરવા માટે થયેલી હોય છે. દા.ત. વેપારી મહામંડળ, (2) ધ્યેયની દષ્ટિએ : રાજકીય પક્ષોને સત્તા પ્રાપ્ત કરવાની ધ્યેય છે. દા.ત. આપ, દાબ

જૂથોનું મુખ્ય ધ્યેય સત્તાપ્રાપ્તિનો નહિ પરંતુ પોતાના હિત કે હિતોનું રક્ષણ કરવાનો છે અને તે માટે તે રાજકીય તંત્ર પર દબાણ લાવે છે. (3) હિતોની દૃષ્ટિએ : રાજકીય પક્ષ સમાજના વિવિધ હિતોને આવરી લેવાનો પ્રયત્ન કરે છે. જેથી તેના કદમાં અને પ્રભાવમાં વધારો થાય. દા.ત. અનામત આંદોલન, દાબજૂથો કોઈ એક ચોક્કસ વર્ગ કે વિભાગના હિતો સાથે સંકળાયેલ હોય છે. તેનો પાયો અનેતંત્ર ર્યાદિત હોય છે. દા.ત. નર્મદા બચાવો આંદોલન. દાબ જૂથો કરતાં રાજકીય પક્ષો વ્યાપક પ્રમાણમાં હેતુઓને આવરી લેતા હોય છે. આમ રાજકીય પક્ષો અને દાબજૂથો વચ્ચે તફાવત જોવા મળે છે. તેમની વચ્ચે વિસ્તારની દૃષ્ટિએ તેમજ ચૂંટણી પ્રક્રિયામાં ભાગ લેવાની દૃષ્ટિએ પણ નોંધપાત્ર તફાવત જોવા મળે છે.

10. ટૂંકનોંધ લખો : રાજકીય પક્ષો આધુનિક લોકશાહીના વાહકો ગણાય છે શા માટે?

➢ આધુનિક લોકશાહી શાસન વ્યવસ્થા એ નાગરીકો દ્વારા ચૂંટાયેલા પ્રતિનિધિઓ થકી ચાલતી વ્યવસ્થા છે. આધુનિક રાજયોની. વિવિધતા જોતા કોઈને કોઈ પ્રકારની પ્રતિનિધિક પ્રથા વિના શાસન કરવું શક્ય નથી. લોકશાહીમાં રાજકીય પક્ષો મહત્ત્વની ભૂમિકા ભજવે છે. એક બાજુ સમાજ અને બીજી બાજુ રાજયની જુદી જુદી સંસ્થાઓ વચ્ચે રાજકીય પક્ષોને જોડતી કડી તરીકેની ભૂમિકા નિભાવવાની હોય છે. લોકો પરોક્ષ લોકશાહીમાં પોતાની પ્રતિનિધિઓને ચૂંટે છે. તે લોકો વતી, લોકો દ્વારા, લોકોને જવાબદાર રહીને શાસન ચલાવે છે. આ પરોક્ષ પ્રતિનિધિ લોકશાહીમાં શાસનના ચલાવવાનું ચાવીરુપ સાધન છે. જે રાજકીય પક્ષોના ખભ્ભી બેસીને લોકશાહી લોકો સુધી તેમના કામો દ્વારા પહોંચે છે. મને પ્રશ્નોને રાજકીય પક્ષો વતી વાંચા મળતી હોય છે. આમ તે આ લોકશાહીનાં વાહકો છે. ભારતની સાત રાષ્ટ્રીય પક્ષો મોધ ભાવવધારો આંદોલનો લઈને પ્રજાને મદદ કરે છે.

(8) શૈક્ષણિક સંસ્થાઓ : લોકમત ઘડતર અને અભિવ્યક્તિ માટે તર્કબદ્ધ દલીલોનું મહત્ત્વ વિશેષ છે. જે માટે જરૂરી એવા શિક્ષણ અને તેની તાલીમ શાળા, કોલેજોના શિક્ષણ દ્વારા પ્રાપ્ત થાય છે. લોકશાહી કે શાસન વ્યવસ્થામાં અમુક મુદ્દા કે નીતિની તરફેણ કે વિરુદ્ધ લોકમત તૈયાર કરવામાં તેઓ અસરકારક ભૂમિકા ભજવે છે. (દા.ત, ય્જી્ કે વાર્ષિક અંદાજપત્રો વિશે શૈક્ષણિક સંસ્થાઓમાં વકૃત્વ સ્પર્ધા,